©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] THURSDAY, SEPTEMBER 11, 2025 / BHADRA 20, 1947 [No. 37

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ઓગસ્ટ, ૨૦૨૫

ગૃહ વિભાગનું તારીખઃ ૧૪મી મે, ૨૦૨૫ -નું જાહેરનામું ક્રમાંક: જીજી/૭૪/પીએસટી/૧૦૨૦૨૦/૩૦૭/સી -નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Under

Bharatiya Nagarik Suraksha Sanhita, 2023

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ હેઠળનું

જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી મે, ૨૦૨૫

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩.

ક્રમાંક: જીજી/૭૪/પીએસટી/૧૦૨૦૨૦/૩૦૭/સી:- ગુજરાત રાજ્યને લાગુ પડતા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ (સન ૨૦૨૩ના ૪૬મા)ની કલમ ૨-ની પેટા-કલમ (૧)ના ખંડ (ભ) થી મળેલી સત્તાની રૂએ અને ગૃહ વિભાગનું તારીખ: ૫-મી જૂન, ૨૦૨૦-નું સરકારી જાહેરનામું ક્રમાંક: જીજી/૩૧/પીએસટી/૧૦૨૦૨૦/૩૦૭/વી. રદ કરીને, ગુજરાત સરકાર, આથી, આ સાથે જોડેલી અનુસૂચિના અનુક્રમે કોલમ (૩) અને (૪) માં તે દરેકની સામે દર્શાવેલા જિલ્લા અને હકૂમતના વિસ્તારો માટે, રાજ્યમાં સાયબર ગુનાની તપાસના હેતુ માટે, સાયબર ગુના પોલીસ સ્ટેશન તરીકે કોલમ (૨)માં દર્શાવેલા તેના મુખ્ય મથક સાથે પોલીસ અધીક્ષકની કચેરીઓને જાહેર કરે છે.

અનુસૂચિ

અનુક્રમાંક	અધિકારીઓ તેમના મુખ્ય મથક સાથે	જિલ્લાનું નામ	હકૂમત
(૧)	(૨)	(૩)	(૪)
૧	પોલીસ અધીક્ષક, અમદાવાદ ગ્રામ્ય	અમદાવાદ ગ્રામ્ય	અમદાવાદ ગ્રામ્ય જિલ્લાનો સમગ્ર વિસ્તાર
૨	પોલીસ અધીક્ષક, સુરત ગ્રામ્ય	સુરત ગ્રામ્ય	સુરત ગ્રામ્ય જિલ્લાનો સમગ્ર વિસ્તાર
૩	પોલીસ અધીક્ષક, વડોદરા ગ્રામ્ય	વડોદરા ગ્રામ્ય	વડોદરા ગ્રામ્ય જિલ્લાનો સમગ્ર વિસ્તાર
૪	પોલીસ અધીક્ષક, રાજકોટ ગ્રામ્ય	રાજકોટ ગ્રામ્ય	રાજકોટ ગ્રામ્ય જિલ્લાનો સમગ્ર વિસ્તાર
૫	પોલીસ અધીક્ષક, કચ્છ પશ્ચિમ	કચ્છ પશ્ચિમ	કચ્છ પશ્ચિમ જિલ્લાનો સમગ્ર વિસ્તાર
૬	પોલીસ અધીક્ષક, જૂનાગઢ	જૂનાગઢ	જૂનાગઢ જિલ્લાનો સમગ્ર વિસ્તાર
૭	પોલીસ અધીક્ષક, ભાવનગર	ભાવનગર	ભાવનગર જિલ્લાનો સમગ્ર વિસ્તાર
૮	પોલીસ અધીક્ષક, ગાંધીનગર	ગાંધીનગર	ગાંધીનગર જિલ્લાનો સમગ્ર વિસ્તાર
૯	પોલીસ અધીક્ષક, પંચમહાલ - ગોધરા	પંચમહાલ - ગોધરા	પંચમહાલ - ગોધરા જિલ્લાનો સમગ્ર વિસ્તાર

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

અનિતા ઝુલા,

સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી સપ્ટેમ્બર, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના તારીખ: ૩૧મી જુલાઈ, ૨૦૨૫-ના સરકારી જાહેરનામા કેએચઆર-૧૧૦-૨૦૨૫-એલઈડી-ઈએસઆઈ-ઈફાઈલ-૧૧-૨૦૨૨-૦૦૦૫-એમ(૩)-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Under

The Employees' State Insurance Act, 1948

કામદાર રાજ્ય વીમા અધિનિયમ, ૧૯૪૮ હેઠળ

જાહેરનામું

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી જુલાઈ, ૨૦૨૫

કામદાર રાજ્ય વીમા અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક: કેએચઆર-૨૦૨૫-૧૧૦-એલઈડી-ઈએસઆઈ-ઈફાઈલ-૧૧-૨૦૨૨-૦૦૦૫-એમ(૩):- કામદાર રાજ્ય વીમા અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના ૩૪મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૯૦થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ''ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ, વડોદરા અને તેની ગૌણ કંપનીઓ"-ને આ જાહેરનામાની તારીખથી અમલમાં આવે તેમ એક વર્ષની મુદત માટે મુક્તિ આપે છે.

૨. ઉપર જણાવેલી મુક્તિ, નીચેની શરતોને અધીન રહેશેઃ-

૧. સદરહુ કામદારોને કામે રાખતી ઉપર્યુકત સંસ્થા/કારખાનાએ મુક્તિ આપેલા કામદારોના નામો અને હોદ્દા દર્શાવતું રજિસ્ટર નિભાવવું જોઈશે.

૨. આ મુક્તિ આપવામાં આવી હોય તેમ છતાં, કામદારો, આ જાહેરનામાથી અપાયેલી મુક્તિ જે તારીખથી અમલમાં આવે તે તારીખ પહેલાં ચૂક્વેલા ફાળાના ધોરણે સદરહુ અધિનિયમ હેઠળ જે લાભો મેળવવાને હકદાર બન્યા હોત તેવા લાભો તેમને મળવાનું ચાલુ રહેશે.

૩. સદરહુ સંસ્થા/કારખાનાના માલિકે, જે મુદત દરમિયાન તે કારખાનું સદરહુ અધિનિયમથી સંચાલિત હતું તે મુદત (જેનો આમાં હવે પછી, ''સદરહુ મુદત" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) મુદત માટે, કામદાર રાજ્ય વીમા (સામાન્ય) વિનિયમો, ૧૯૫૦ હેઠળ તેણે ભરવાના બાકી હોય તેવા પત્રકો, તેવા નમૂનામાં અને તેવી વિગતો સાથે સદરહુ મુદતના સંબંધમાં રજૂ કરવાં જોઈશે.

૪. મુક્તિ અપાયેલી મુદત માટેના ફાળા, અગાઉ ચૂકવાઈ ગયા હોય, તો તે પાછા આપી શકાશે નહિ.

૩. સદરહુ અધિનિયમની કલમ ૪૫ ની પેટા-કલમ (૧) હેઠળ કોર્પોરેશને નીમેલા કોઈ ઈન્સ્પેક્ટર અથવા આ અર્થે અધિકૃત કરેલા કોર્પોરેશનના બીજા અધિકારીને-

૧. સદરહુ મુદત માટે, કલમ ૪૪ની પેટા-કલમ (૧) હેઠળ રજૂ કરેલા કોઈપણ પત્રકમાંની વિગતોની ખરાઈ કરવાના હેતુ માટે; અથવા

૨. સદરહુ મુદત માટે, કામદાર રાજ્ય વીમા (સામાન્ય) વિનિયમો, ૧૯૫૦થી ફરમાવ્યા પ્રમાણે, રજિસ્ટર અને રેકર્ડ રાખવામાં આવ્યા હતા કે કેમ તેની ખાતરી કરવાના હેતુ માટે; અથવા

૩. જે લાભોના બદલામાં આ જાહેરનામા હેઠળ મુક્તિ આપવામાં આવી હોય તે લાભો તરીકે રોકડમાં અને જણસ રૂપે માલિકે આપેલા લાભો મેળવવાને કામદારો હકદાર તરીકે ચાલુ રહે છે કે કેમ તેની ખાતરી કરવાના હેતુ માટે; અથવા

૪. અધિનિયમની જોગવાઈઓ પૈકીની કોઈપણ જોગવાઈ સદરહુ કારખાનાના સંબંધમાં અમલમાં હતી ત્યારે તે મુદત દરમિયાન આવી કોઈપણ જોગવાઈનું પાલન કરવામાં આવ્યું હતું કે કેમ તેની ખાતરી કરવાના હેતુ માટે-

ક. પોતાને જરૂરી જણાય તેવી માહિતી પોતાને પૂરી પાડવા મુખ્ય અથવા તેની તરત પછીના માલિકને ફરમાવવાની સત્તા રહેશે; અથવા

ખ. આવા મુખ્ય અથવા તેની તરત પછીના માલિકના કબજામાં હોય તેવા કોઈપણ કારખાના, સંસ્થા, કચેરી અથવા અન્ય જગ્યામાં કોઈ વાજબી સમયે દાખલ થવાની અને તેનો હવાલો ધરાવતી હોવાનું જણાયેલ કોઈપણ વ્યક્તિને, વ્યક્તિઓના રોજગાર અને વેતનની ચુકવણીને લગતા પોતાને જરૂરી જણાય તેવા દસ્તાવેજો, ચોપડા અને અન્ય દસ્તાવેજો, આવા ઈન્સ્પેક્ટર અથવા બીજા અધિકારી સમક્ષ રજૂ કરવા અને તેને તે તપાસવા દેવા અથવા પોતાને જરૂરી લાગે તેવી માહિતી તેમને પૂરી પાડવા ફરમાવવાની સત્તા રહેશે; અથવા

ગ. આવા કારખાના, સંસ્થા, કચેરી અથવા અન્ય જગ્યામાં જણાયેલ મુખ્ય અથવા તેની તરત પછીના માલિકને, તેના એજન્ટ અથવા નોકરને અથવા કોઈ વ્યક્તિને અથવા ઇન્સ્પેક્ટરને અથવા બીજા અધિકારીને જે કોઇ વ્યક્તિ માલિક તરીકે કામ કર્યું હોવાનું માનવાને પોતાને વાજબી કારણ હોય તેવી કોઈ વ્યક્તિને તપાસવાની સત્તા રહેશે; અથવા

ઘ. આવા કારખાના, સંસ્થા, કચેરી અથવા અન્ય જગ્યામાં નિભાવવામાં આવતા કોઈ રજિસ્ટર, હિસાબના ચોપડા અથવા અન્ય દસ્તાવેજની નકલો કરવાની અથવા તેમાંથી ઉતારા કરવાની સત્તા રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ઋચિર અમીન,

સેક્શન અધિકારી.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩જી સપ્ટેમ્બર, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખઃ ૨૦મી ઓગસ્ટ, ૨૦૨૫-ના જાહેરનામા ક્રમાંક. જીજી/૧૨૫/૨૦૨૫/એસબી.૫/ઓએસએ/૧૦૨૦૨૪/૦૭.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Under

The Official Secrets Act, 1923

સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ હેઠળ

જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી ઓગસ્ટ, ૨૦૨૫

સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩.

ક્રમાંક: જીજી/૧૨૫/૨૦૨૫/એસબી.૫/ઓએસએ/૧૦૨૦૨૪/૦૭:- ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ સ્થળ અંગેની માહિતી અથવા તે સ્થળનો વિનાશ અથવા તેમાં અવરોધ અથવા તેમાંની દખલગીરી દુશ્મનને ઉપયોગી થાય તેમ છે;

તેથી, હવે, ભારત સરકારના ગૃહ મંત્રાલયના તારીખ ૪થી મે, ૧૯૬૩ના જાહેરનામા ક્રમાંક. ૨૧/૨૦/૬૨/પીઓએલએલ (૧) સાથે વાંચતા, સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ (સન ૧૯૨૩ના ૧૯મા)ની કલમ ૨-ના ખંડ (૮)ના પેટા-ખંડ (ઘ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, સદરહુ અધિનિયમના હેતુઓ માટે, અનુસૂચિમાં વર્ણવેલા ગુજરાત એનર્જિ ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ (જેટકો)-ના ૬૬ કેવી વાવડી (રામેશ્વર) સબ-સ્ટેશન, ગામ: વાવડી, તા: રાજકોટ, જિલ્લો: રાજકોટ-ને 'પ્રતિબંધિત સ્થળ' તરીકે જાહેર કરે છે.

અનુસૂચિ

સરવે નંબર, સ્થળનું નામ અને સ્થળની હદોનું વર્ણન

ઇન્સ્ટોલેશનનું નામ	સરનામું	સરવે નંબર અને વિસ્તાર	પ્રતિબંધિત વિસ્તારની હદો
ગુજરાત એનર્જિ ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ	ગામ વાવડી	૧૪૯ પૈકી ૫	પૂર્વે સરવે નંબર ૧૪૯ પૈકીની ખરાબાની જમીન અને ત્યારપછી હાલનો ગાડા માર્ગ

ઈન્સ્ટોલેશનનું નામ	સરનામું	સરવે નંબર અને વિસ્તાર	પ્રતિબંધિત વિસ્તારની હદો
૬૬ કેવી વાવડી (રામેશ્વર) સબ સ્ટેશન	તાલુકો રાજકોટ જિલ્લો રાજકોટ	કુલ ક્ષેત્રફળ ૩૯૨૦ ચોરસ મીટર પ્રતિબંધિત વિસ્તાર ૩૯૨૦ ચોરસ મીટર	પશ્ચિમે સરવે નંબર ૧૪૯ પૈકીની ખરાબાની જમીન અને ત્યારપછી હાલનો ગાડા માર્ગ ઉત્તરે સરવે નંબર ૧૪૯ પૈકીની ખરાબાની જમીન અને ત્યારપછી હાલનો ગાડા માર્ગ દક્ષિણે સરવે નંબર ૧૪૯ પૈકીની ખરાબાની જમીન

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ધારા બ્રહ્મભટ્ટ,

સેક્શન અધિકારી.

Signature Not Verified
Signed by:BHOLUSINGHJI THAKUR
Date: 2025.09.11 14:05:20 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar